# ગાંધીધામ મહાનગરપાલિકા

## ગાંધીધામ-કચ્છ

## મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત એપ્રેન્ટીસ ભરતી અંગેની જાહેરાત

મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત ગાંધીધામ મહાનગરપાલિકા એપ્રેન્ટીસ એક્ટ ૧૯૬૧ હેઠળ નીચે મુજબની જગ્યાઓ એપ્રેન્ટિસશિપથી ભરવાની થાય છે. જગ્યાઓની સામે દર્શાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ આ જાહેર નિવિદાથી તારીખ ૨૦-૦૪-૨૦૨૫ સુધીમાં અને ચાલુ ઓફિસના દિવસોમાં લેખિત અરજી ગાંધીધામ મહાનગરપાલિકામાં પહોંચાડવાની રહેશે. મુદત બાદ રજૂ થયેલ અરજી અમાન્ય રહેશે અરજીમાં પાસપોર્ટ સાઈઝના ફોટા ચોંટાડવાના રહેશે તથા જરૂરી આધાર પુરાવાની પ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે.

- **ગાંધીધામ મહાનગરપાલિકામાં સરકારશ્રીના અધિનિયમ હેઠળ નીચે પ્રમાણેની જગ્યાઓ ઉપર એપ્રેન્ટીસ તરીકે નિમણૂંક આપવા માટે અરજીઓ મંગાવવામાં આવે છે.**

| ક્રમ | હોદાનું નામ | જગ્યાની સંખ્યા | લાયકાત |
|---|---|---|---|
| ૧ | હેલ્થ સેનેટરી ઇન્સ્પેક્ટર | ૧૫ | આઇ.ટી.આઇ પાસ |
| ૨ | સર્વેયર | ૧૦ | આઇ.ટી.આઇ પાસ |
| ૩ | કેડ ઓપરેટર | ૦૪ | આઇ.ટી.આઇ પાસ |
| ૪ | મિકેનિક ડીઝલ | ૦૪ | આઇ.ટી.આઇ પાસ |
| ૫ | કલાર્ક-કમ-કોમ્પ્યૂટર ઓપરેટર | ૩૦ | આઇ.ટી.આઇ પાસ |
| ૬ | પ્લંબર | ૧૦ | આઇ.ટી.આઇ પાસ |
| ૭ | વાયરમેન | ૦૫ | આઇ.ટી.આઇ પાસ |
| ૮ | ફિટર | ૦૫ | આઇ.ટી.આઇ પાસ |
| ૯ | ઈલેક્ટ્રિશિયન | ૦૫ | આઇ.ટી.આઇ પાસ |
| ૧૦ | મિકેનિક મોટર વ્હીકલ | ૦૪ | આઇ.ટી.આઇ પાસ |

**શરતો :-**

(૧) ઉપરોક્ત જગ્યાઓ માટે નિયત મિનિમમ જે તે ટ્રેડમાં આઈટીઆઈ પાસ લાયકાતો ધરાવતા ઉમેદવારોની જ અરજી ધ્યાને લેવામાં આવશે. બોનાફાઈડ સર્ટી ધ્યાને લેવામાં નહીં આવે. (૨) એપ્રેન્ટીસને એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ તદન હંગામી ધોરણે એપ્રેન્ટીસ તરીકે નિમણૂંક આપવામાં આવશે. (૩) નિમણૂંક પામેલ એપ્રેન્ટીસને મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના હેઠળની જોગવાઈઓ અને ધારાધોરણ અનુસાર સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવશે. તે સિવાયના કોઈપણ પ્રકારના પગાર, વેતન એલાઉન્સ, ચાર્જ, ભાડા-ભથ્થા વગેરે ચૂકવવામાં નહીં આવે. (૪) ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા એપ્રેન્ટી/મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટીસ યોજના હેઠળ નિમણૂંક કરવા માટે નક્કી કરવામાં આવેલ પદ્ધતિ મુજબ મેરિટ લિસ્ટ બનાવીને નિમણૂંક આપવામાં આવશે. આ અંગેની વધુ માહિતી ગાંધીધામ મહાનગરપાલિકા કચેરીની મહેકમ શાખામાં ઓફિસ સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કરી મેળવી શકાશે.

નોંધ : કોલલેટર ઈ-મેઈલ તેમજ વોટ્સએપ પર મોકલવામાં આવશે જેથી તમામ ઉમેદવારોએ અરજીમાં પોતાના વોટ્સએપ નંબર તેમજ ઈ-મેઈલ એડ્રેસ અચૂક લખવાનું રહેશે.

(નામાનિ/કચ્છ/૧૨/૨૦૨૫-૨૬)